**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૫૦ ટકા

# પીડ પરાઈ જાણે રે... પૂ. બાપુને ભાવપૂર્ણ સ્મરણાંજલિ





ગાંધીનગર, તા.૨

રામ રાખે એમ રહેવુ દુનિયામાં... સવારના ખુશનુમા વાતાવરણમાં ટાઉનહોલ સામેના મેદાનમાં જયારે આ ભજનની સુરાવલીઓ ગુંજી ઉઠી ત્યારે ત્યાં ઉપસ્થિત તમામ ગાંધીપ્રેમી નગરજનો આંખો બંધ કરી રસતરબોળ થઈ ગયા હતા. સતત ૧૧મા વર્ષે કલાગુર્જરી સંસ્થા દ્વારા ગાંધીનગરમાં પૂ. ગાંધી બાપુની જન્મજયંતિ 'પીડ પરાઈ જાણે રે' કાર્યક્રમ થકી ઉજવાઈ હતી. આ વર્ષે આ કાર્યક્રમમાં ગાંધીપ્રિય ભજનોનો રસાસ્વાદ ગુજરાતના જાણીતા કલાકારો નીતિન દેવકા, કુ. ગાર્ગી વોરા તથા તેમના કલાવૃંદે કરાવ્યું હતું. જયારે કાર્યક્રમનું રસદર્શન પૂ. બાપુના યાદગાર પ્રસંગો સાથે પ્રો. ધ્વનિલ પારેખે કરાવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદીએ આ વર્ષ ચંપારણ સત્યાગ્રહની શતાબ્દીનું વર્ષ હોવાથી આ ઉજવણીનું મહત્વ વિશેષ હોવાનું જણાવતા ચંપારણ સત્યાગ્રહના પ્રસંગો તાજા કરાવ્યા હતા. કાર્યક્રમમાં આશ્રમ ભજનાવલીમાં સમાવિષ્ટ ગાંધીપ્રિય ભજનો રજૂ કરાયા હતા જેમાં નરસિંહ મહેતા, કબીર, મીરાં, ગંગાસતી સહિત અનેક નામી-અનામી સંતોના ભજનોનો સમાવેશ થતો હતો. જાગીને જોઉ તો જગત દીસે નહી, નારાયણનું નામ જ લેતા, પાયોજી મૈંને રામ રતન ધન પાયો, મન લાગ મોરો યાર ફકીરી મેં, વિજળીના ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ, ઠુમકઠુમક ચલત રામચંદ્રજી, જુનુ તો થયું રે દેવળ, મૈં ગોવિંદ ગુણ ગાના, મંગલ મંદિર ખોલો, મોં કો કહાં ઢૂંઢેરે બંદે જેવા ભજનોએ શ્રોતાઓને રીતસરના ડોલાવ્યા હતા. કાર્યક્રમમાં મોટા ભાગના શ્રોતાઓ સ્વયંભૂ રીતે શ્વેત વસ્ત્રો ધારણ કરીને આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ રેંટિયો ચલાવી સૂતર કાંત્યું હતું. કાર્યક્રમના સમાપને વૈષ્ણવ જન તો.. ભજન અને રામધૂન પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

પૂ. ગાંધીબાપુની ભાવવંદનાના આ કાર્યક્રમમાં શહેરના અનેક અગ્રણી નગરજનો, ગાંધી વર્તુળ અને સાહિત્ય સભાના હોદેદારો, વિદ્યાર્થીઓ તથા ગાંધીજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સૌએ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પિત કરી હતી. કાર્યક્રમ સ્થળે ગાંધી સાહિત્ય અને ચરખાની પ્રતિકૃતિના વેચાણની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

## @ગાંધીનગર

● જયોતિ મહિલા મંડળ દ્વારા બેઠા ગરબા સ્પર્ધા અને ગરબા શણગાર સ્પર્ધા બપોરે ૧.૩૦ કલાકે અરવિંદ કેન્દ્ર સે-૨૩ ખાતે યોજાશે.

● સે-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે હિમાંશુ પંડિત દ્વારા સંસ્કૃત સમ્ભાષણ વર્ગો સાંજના ૭.૩૦ થી ૮.૩૦ દરમિયાન યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન રામેશ્વર મંદિર સે-૩-ડી ખાતે યોજાશે.

## લિમ્બચ માતાજી મંદિરે શરદપૂનમ ઉજવાશે

શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ ગાંધીનગર સંચાલિત શ્રી લિમ્બચ માતાજી મંદિરમાં શરદપૂર્ણિમા નિમિત્તે તા. ૫મી ઓકટોબરના રોજ સાંજે મહાઆરતી અને મહાપ્રસાદ ધરાવવામાં આવશે. સાડા છ વાગે મહાપ્રસાદી ધરાવાશે. રાત્રે ૯ થી ૧૨ રાસ ગરબા થશે અને રાત્રે ૧૨ કલાકે દૂધ પૌંવાની પ્રસાદી આપવામાં આવશે તેમ ટ્રસ્ટી ભરતભાઈ સુર્યાવાળાએ જણાવ્યું છે.

## વિધાનસભા સંકુલમાં પૂ. બાપુને પુષ્પાંજલિ

ગાંધીનગર, તા.૨

મહાત્મા ગાંધીજીની ૧૪૯મી જન્મ જયંતિ નિમિત્તે વિધાનસભા સંકુલમાં આવેલી ગાંધીજીની ભવ્ય પ્રતિમાને આજે વિધાનસભાના અધ્યક્ષ શ્રી રમણલાલ વોરા અને ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર દ્વારા ભાવસભર પુષ્પાંજલિ અપાઈ હતી.

આ પ્રસંગે વિધાનસાના સચિવ શ્રી ડી.એમ.પટેલ, ઉપસચિવ શ્રી પ્રદિપ મોદી, અધ્યક્ષશ્રીના પી.એસ. શ્રી અને.એલ.વણકાર નગરપાલિકાના કોર્પોરેટરો, નગરજનો તેમજ મહિલા અધ્યાયન મંદિર, કોબાની ૮૫ વિદ્યાર્થીનીઓએ ઉપસ્થિત રહી પૂજ્ય ગાંધીજીની પ્રતિમાને પુષ્પ અર્પણ કર્યા હતા.

## કોબા ગામે લીડફીલનું ઉદ્ઘાટન કરાયું

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર આવેલ કોબા ગામે ગાંધી જયંતિની ઉજવણીના દિવસે લીડફીલનું ઉદ્ઘાટન તાલુકા વિકાસ અધિકારીની હાજરીમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટીસંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

કોબા ગામે તાલુકા વિકાસ અધિકારી રમીલાબેન તથા ગામના સરપંચ યોગેશભાઈ નાયી અને તલાટી કમ મંત્રી રમેશભાઈ પટેલ સહિત ગ્રામજનોની



હાજરીમાં ઘન કચરાના નિકાલ કરવા માટે લીડફીલનું ઉદ્ઘાટન આજરોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાજર ગ્રામજનોને તાલુકા વિકાસ અધિકારીએ ગામને સ્વચ્છ રાખવા, ઘન કચરો, પ્રવાહી કચરા માટે અલગ-અલગ ડસ્ટબીન રાખવા અને તેના નિકાલ અન્ય જગ્યાએ ન કરતા લીડફીલના સ્થળે કરવા પુરતી સમજ આપી હતી. આ પ્રસંગે ગામના સરપંચે ગામને સ્વચ્છ રાખવા ને પુરતી તકેદારી રાખવા તાલુકા વિકાસ અધિકારીને આ પ્રસંગે ગામના નાગરીકો વતી ખાત્રી આપી હતી. ત્યારબાદ ખાસ ગ્રામસભા બોલાવી મનરેગા યોજનામાં આગામી નાણાકીય વર્ષના કામગીરી, વિલેજ ડેવલપમેન્ટ પ્લાન, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના લાભાર્થીનું વાંચન, આવાસ દિવસ, યોજનાકીય દિવસ અંગે વિસ્તૃત ચર્ચા કરી સમિક્ષા કરવામાં આવી હતી. ત્યારબાદ ગામના તલાટી કમ મંત્રીએ સૌનો આભાર વ્યકત કર્યો હતો.

## સે-૭/એ વસાહત મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સે-૭એ વસાહત મંડળ દ્વારા આયોજીત નવરાત્રી પર્વની ઉજવણીના અંતે દશેરાના દિવસે બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ, ઈનામોત્સવ, મનોરંજન કાર્યક્રમ તેમજ આમંત્રિત મહેમાનો અને દાતાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં વસાહતી ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

નવરાત્રીમાં ભાતીગળ ગરબાની સાથે સાથે તમામ ખૈલેયા ભાઈ બહેનોને પ્રોત્સાહીત કરવા લ્હાણી આપવામાં આવી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાના બાળકોએ પોતાની વિવિધ કલાનું પ્રદર્શન કર્યું હતું. આ પ્રસંગે કલાકાર એન.આર. મહેતા પરિવાર તથા નિરવ મજમુદારની જોડીએ પોતાની કલાની સુંદર રીતે પ્રસ્તુતી કરી હતી. ત્યારબાદ ૭૦ જેટલા તેજસ્વી તારલાઓને ચાંદીના મેડલ તેમજ



ઈનામો આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનું શાલ ઓઢાડી તેમજ દાતાઓનું પણ સન્માન કરાયું હતું.

આ તેજસ્વી તારલાઓના સન્માન સમારોહ કાર્યક્રમમાં શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, કોર્પોરેટર નાઝાભાઈ, ગાં.જી. ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, નિવૃત કલેકટર નારાયણભાઈ મોદી, ઉમિયા માતાજી સંસ્થાના પ્રમુખ ભરતભાઈ પટેલ, મહામંત્રી ભોળાભાઈ પટેલ, સહિત દાતાઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન વસાહત મંડળના પૂર્વ પ્રમુખ શિવાભાઈ પટેલ કર્યું હતું તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શહેરના અગ્રણી જશવંતભાઈ ગાંધી અને વંદનાબેન પટેલે કર્યું હતું.

## સે-૩/બી રહેણાંક વિસ્તારમાં ગટર બેસી જતા વસાહતીઓ હેરાન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સે-૩ બી એસએસવી શાળાની પાસેના રહેણાંક વિસ્તારમાં માર્ગ પર આવેલ ગટર પાસેથી વાહન નીકળતા અચાનક બેસી જતા તુટી જવા પામી છે. જેથી ગટરના ગંદા પાણી ભરાઈ રહેતા મચ્છરોનો ત્રાસ વધતા સ્થાનિક રહીશો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા તંત્ર દ્વારા કોઈ નિવેડો લાવવામાં આવ્યો નથી. ત્યારે ગટરના પાણીને પગલે સ્થાનિક નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો ઝંળુબી રહ્યો છે.



ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ઠેરઠેર સેકટરોમાં ગટર સંબંધિત પ્રશ્નો ઉઠવા પામ્યા છે. ચોમાસામાં વરસાદી પાણી ગટરોમાં જતા ઠેરઠેર ગટરો ઉભરાવવાના કિસ્સા બનતા હતા. ગટરના પાણી બેક મારતા નાગરીકો હેરાન થતા હતા. કોઈ ઠેકાણે ગટરો બેસી જવાના બનાવ બનવા પામ્યા હતા.તો બીજી તરફ માર્ગ પર ગટરોના લેવલીંગ યોગ્ય ન હોવાથી ગટરો ઉંચી હોવાથી વાહનો ચાલકોને પણ પારાવાર તકલીફનો સામનો કરવો પડ્યો હતો. ચોમાસાની સિઝન બાદ પણ ગટરના પ્રશ્નો વધુ જોવા મળી રહ્યા છે. તાજેતરમાં તંત્ર દ્વારા પણ નવા સેકટરની ગટર લાઈનનું રીપેરીંગ કામ પણ હાથ ધરાયું હતું. જયારે થોડા સમય પહેલા જ ગટરોની સાફસફાઈ પણ કરવામાં આવી છે. ત્યારે એસએસવી શાળાની બાજુમાં રહેણાંક વિસ્તારમાં ગટર માર્ગ પર હોવાથી વાહનની અવર-જવરને પગલે બેસી જવા પામી છે. ગટરનો ખાડો ઉંડો હોવાથી પાણી ભરાઈ રહેતા દુર્ગંધ મારે છે. તેમજ મચ્છરોના ત્રાસથી સ્થાનિક વસાહતીઓની ઉંઘ પણ હરામ થઈ ગઈ છે. જયારે ગટરની આગળ કોઈ અંદર પડી ન જાય તે માટે સ્થાનિક નાગરીકો દ્વારા આડશ ઉભી કરાઈ છે. તંત્ર સમક્ષ ફરીયાદ કરવા છતા નિવેડો આવ્યો નથી. ત્યારે ગટરનું રીપેરીંગ કામ ઝડપી હાથ ધરાય તેવું સ્થાનિક નાગરીકો ઈચ્છી રહ્યા છે.

## આઈ લવ માય ગાંધીનગર



**એચ એલ સુથાર**

**ગાંધીનગર ગમે**

દેશભરમાં ક્યાંય ન જોવા મળે એવી સુંદર અને રમણીય આ નગરી હોવાથી ખૂબ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સંસ્કારી, નોકરીયાત, એકમેક સાથે સરળતાથી ભળી જનારા અને સેવાભાવી, કલારસિક, કલાકાર નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગણી ન શકાય એટલી વ્યક્તિઓ અને સંસ્થાઓ ગણી ન શકાય એટલી પ્રવૃત્તિથી શહેરની સુવાસને દુનિયામાં પ્રસરાવી રહ્યાં છે. સૌને સાદર પ્રણામ છે.

**નગરને બહેતર બનાવવા**

વિદ્યાર્થીઓમાં ઘણી શક્તિ અને દૃષ્ટિ પણ છે. એનો ઉપયોગ કરવામાં આવે તો નગરને અવશ્ય બહેતર બનાવી શકાય તેમ છે.

**નગર માટે હું કરી શકું**

યુવા વિકાસ, વ્યક્તિત્વ વિકાસ અને સેવાના ઉપક્રમો માટે મારી સેવા નગરને આપવા હું તૈયાર છું.

## ચિલોડા ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગ્રામસભા યોજાઈ : ડમ્પીંગ સાઈટનું ખાતમુર્હુત કરાયું

ચિલોડા, તા.૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગ્રામ પંચાયત ખાતે ગાંધી જયંતિની ઉજવણી સાથે સ્વચ્છતા અભિયાન અંતર્ગત ખાસ ગ્રામસભા યોજવામાં આવી હતી. ગ્રામસભામાં લાયઝન અધિકારી ડૉ. હરેશ જે. ત્રિવેદી, તાલુકા હેલ્થ ઓફિસર ગાંધીનગર-કે.એમ. રોઝ તથા તલાટી કમ મંત્રી કે.ડી. કારોવાએ સ્વચ્છતા અંગે જરુરી માર્ગદર્શન સુચનો દ્વારા આપ્યું હતું. ગામમાં સ્વચ્છતા અંગે ડોર ટુ ડોર ઘન કચરાના વ્યવસ્થાપન અંગે, રોગચાળા નિંયત્રણ માટે મચ્છરોની ઉત્પત્તિ સ્થાનો, જાહેર શૌચાલયોની સુવિધા, સ્વચ્છતા અંગે જનજાગૃતિ બેનરો, સ્વચ્છતા અંગે જનભાગીદારીનો



સહયોગ વગેરે અંગે જરુરી સુચનો દ્વારા માર્ગદર્શન પુરું પાડયું હતું. ગ્રામસભા દરમિયાન ઘન કચરાના નિકાલ માટે ડમ્પીંગ સાઈટનું ખાતમુહુર્ત કરાયું હતું. ગ્રામસભામાં ગ્રામ પંચાયતના સભ્યો, આરોગ્ય ખાતાના કર્મચારી વગેરે હાજર રહ્યા હતા.






શહેરના સેકટર-૩ બી રજત મહોત્સવમાં રવિવારની પૂર્વ સંધ્યાએ માતાજીના ચાંચર ચોકમાં અશ્વિનભાઈ જોષીના કંઠે મા-બાપને ભુલશો નહીં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સેકટરના વસાહતીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને માણ્યો હતો.

## સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓ સન્માનાશે

ગાંધીનગર, તા.૨

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના સભ્યોના ધોરણ-૧ થી ૧૨ તથા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું આયોજન કરેલ છે. જે વિદ્યાર્થીઓએ ૨૦૧૭ની વાર્ષિક પરીક્ષાઓમાં ૬૦ ટકાથી વધુ ગુણ મેળવેલ હોય તેઓએ તેમની માર્કશીટની નકલ ભૂપેન્દ્ર ગજ્જર, હરેશ પાલા, હેમાંગ દોશી, અશોક પરમાર અને જી.પી. પટેલને તા. ૨૫-૧૦-૨૦૧૭ સુધીમાં પહોંચતી કરવી અને માર્કશીટ પાછળ વાલીનું નામ, સરનામુ અને સંપર્ક નંબર લખવાનો રહેશે.

# સ્વચ્છતા હી સેવા સપ્તાહનું સમાપન સમારોહ યોજાયું

ગાંધીનગર, તા.૨

રાષ્ટ્રીય સેવા યોજના એકમ શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિધાપીઠ સાદરા દ્વારા સ્વચ્છતા હી સેવા સપ્તાહનું સમાપન સ્વચ્છતાની રેલી સાથે કરવામાં આવ્યું. રેલીમાં સાદરા ગામની પ્રાથમિક શાળા અને હાઈસ્કૂલના લગભગ ૨૦૦ વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષકોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો અને એન.એસ.એસ. યુનિટના લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓ અને અધ્યાપક ડૉ. અરવિંદ રામી અને ડૉ. ઉદાજી પરમારે પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ સાથે રેલીનું સંચાલન કર્યું હતું. મોતીપુરા પ્રાથમિક શાળાના પ્રાચાર્ય શ્રી શંકરભાઈ પટેલ અને અધ્યાપકો સાથે એન.એસ.એસના સ્વયમ સેવકો શ્રી મિતુલ પટેલ, રાકેશ ચૌહાણ તથા હિતેન્દ્ર પાંડોરે શાળાના વિદ્યાર્થીઓને ચાર જુથમાં વિભાજીત કરી આખા ગામની પ્લાસ્ટિક વીણવાની સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમાં વિજેતા ટુકડીને ઈનામ અને વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ માટે સ્વચ્છતાને લગતા વિવિધ કાર્યક્રમો જેવાકે નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, સુત્ર લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ સ્વયંસેવક શ્રી પંકજ પાયક તથા શ્રી રાહુલ મકવાણાએ સરસ કામગીરી કરી હતી.





## ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ ગોવિંદભાઈ અમથાભાઈ, ઉ.વ. ૮૧
- સ્વ. ઠાકોર વિક્રમજી રમણજી, ઉ.વ. ૩૫
- સ્વ. તેજીબેન નેમાજી ઠાકોર, ઉ.વ. ૮૫